અપીલ અરજી નં.૩૦૪ તા.૨૨–૧–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૯–૧૨–૦૮ ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.–૧૧૨૭ વાળી જગ્યા પર થઈ રહેલા નવાં બાંધકામ કેમ તોડવામાં આવતું નથી તે અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૨–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૦૪/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૯–૧૨–૦૮ ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.–૧૧૨૭ વાળી જગ્યા પર થઈ રહેલા નવાં બાંધકામ કેમ તોડવામાં આવતું નથી તે અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ/૧૨૫૧ તા.૧૭–૧–૦૮ થી આપેલ જવાબ ખોટા તથા ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,ફી ભર્યાનો આધાર કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૨૫ તા.૨૯–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૮૮ તા.૧૧–૨–૦૯ થી પુરક માહિતી મળેલ છે જે મુજબ મંજુર પ્લાન વિરુધ્ધના ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કીગવાળો ભાગ છોડી પાછળના ભાગે સંડાસ બનાવેલ હોવાનું તથા પ્રથમ માળે આગળ પાછળ માર્જીન કવર કરેલ હોવાનું મોકલેલ વિગતના નોંધ વિભાગમાં જણાય છે.

અરજદારની ૨૯–૧૨–૦૮ ની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયત સમય મર્યાદામાં અરજદારને પુરી પાડવામાં આવેલ છે. અરજદારે મુદ્દા નં.૧,૨ અને ૪ માં ખોટા જવાબ અને ગેરમાર્ગે દોરવાની કોશીશ કરી છે તેવી રજુઆત તથા મુદ્દા નં.૩ અંગે માંગેલી માહિતીનો જવાબ આપેલ નથી તેવી રજુઆત કરેલ છે. પરંતુ કોઈ વાજબીપણુ કે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. અરજદારે મુદ્દા નં.૩ માં જવાબદાર આર્કીટેક સામે પગલાં કેમ ભરવામાં આવતા નથી જેની સામે જાહેર માહિતી અધિકારીએ જવાબદાર આર્કીટેક તેમજ મિલ્કતદારને તા.૨૧–૧૧–૦૮ ના રોજ નોટીસ આપેલ હોવાનું જણાવી મુદ્દા નં.૪ અંગે દિન–૭ માં ખુલાસો કરવાનો હોય છે તેવી માહિતી પુરી પાડેલ છે પરંતુ મુદ્દા નં.૧ અને ૨ અંગે અનુક્રમે ગેરકાયદેસર સંડાસ અને માર્જીન કવર કેમ તોડવામાં આવતું નથી? તે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા "વિગત રેકર્ડ પર નથી" તેવી માહિતી આપેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૭(૯) હેઠળ સામાન્ય રીતે માંગવામાં આવેલ પ્રકારે માહિતી આપવાની રહે છે. સિવાય કે જાહેર સત્તા મંડળના નાણાંકીય સ્ત્રોત બદલાય અથવા દફતર જાળવણીને નુકશાનકર્તા બનાવે. પ્રસ્તુત કિસ્સામાં કલમ–૭(૯) હેઠળનો અપવાદ પ્રથમદર્શી રીતે જણાતો નથી તેથી ફાઈલ દફતરે અદ્યતન માહિતી થયેલ, નહીં થયેલ કાર્યવાહીને લગતી પુરી પાડવાની રહે.

***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ૧ થી ૨ અંગેની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)....જાણ તથા અમલ માટે
(૨)શ્રી ગુલામભાઈ મેમણ